**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૯ જાન્યુઆરી ૨૦૦૯**

## વડાપ્રધાન જ પેટ્રોલિયમ ક્ષેત્રની અરાજકતા દૂર કરે – રામ નાઈક

**મુંબઈ,શુક્રવાર :** "ડિઝલના ભાવ ઓછા કરવાની ટ્રાન્સપોર્ટરોની મુખ્ય માગણી માન્ય કરી તેમની સાથે જ સામાન્ય જનતા ને રાહત આપવા માટે હવે વડાં પ્રધાને જ આગેવાની લેવી," એ મુજબની માગણી માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે એક અખબારી યાદી મારફત કરી છે.આ હડતાળ વેળાંએ જ પેટ્રોલિયમ કંપનીઓના કર્મચારીઓ પણ હડતાળ પર ગયાં છે.તેમને 'એસ્મા'ની ધાક દાખવવા બદલ પરિસ્થિતી હજૂ વણસી છે.એવો મત પણ શ્રી રામ નાઈકે આ વેળાંએ વ્યકત કરેલ છે.

આંતરરાષ્ટ્રીય બઝારમાં ભાવ ઉતર્યાં હોવાથી ડિઝલ અને રાંધણ ગેસ ના ભાવ ઓછા કરવા એ વ્યાજબી કહેવાશે.તેમાટે જ ટ્રાન્સપોર્ટરો ડિઝલના ભાવો ઓછા કરી આપવા કહ્યું છે તે તેમની માગણી યોગ્ય જ છે.તેની સામે હડતાળનો વખત આવવો જ નહોતો જોઈતો.તેમની હડતાળ ને કારણે શાક ભાજી અને અન્ય જીવનજરૂરીયાતની વસ્તુઓ મળતી ન હોવાથી હવે સામાન્ય જનતા પણ ત્રાસી ગઈ છે.પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરા સંવેદનાહિન બન્યાં હોઈ તેમણે આવું કોરૂંધાકોર ધોરણ વલણ અપનાવ્યું છે.માટે હવે વડાંપ્રધાને તાત્કાલિક હસ્તક્ષેપ કરી આમાંથી રસ્તો કાઢવો,એવી માગણી પણ શ્રી રામ નાઈકે કરેલ છે.

પેટ્રોલિયમ કંપનીઓએ પણ આ જ સમયે હડતાળ ની હાકલ કરી હોઈ પરિસ્થિતી હજુ વધુ વણસી છે.વાહનવ્યવહાર ખોરવાયો છે.એથી હવે ગમે તે ઘડીએ સામાન્ય જનતાની સહનશક્તિભાંગી પડશે.પરંતુ આ તરફ પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરા નું ધ્યાન જ નથી.કર્મચારીઓને કરડાકીથી કામે બોલાવવા કરતાં પ્રજા નાં હિત ખાતર હડતાળ વણસે નહીં તેની તકેદારી રાખવાની ગરજ છે,એવી પ્રતિક્રિયા વ્યકત કરી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "શ્રી દેવરાને કશાયની ફિકર ન હોય તેવું લાગે છે.શ્રીમંતોનું હવાઈ ઈંધણ સસ્તું કરવામાં તેમણે જે તત્પરતાં બતાવી તેનો એક ટકો ય તત્પરતા આ પ્રશ્નના નિરાકરણ કાજે બતાવતાં હોવાનું લાગતું નથી.તેમનાં આ વર્તન ને કારણે ફકત પેટ્રોલિયમ ક્ષેત્રે જ નહીં પરંતુ સંપૂર્ણ દેશમાં અરાજકતા નિર્માણ થશે.માટે પરિસ્થિતી હાથ બહાર જાય તે પૂર્વેજ વડાંપ્રધાન ડૉ.મનમોહન સિંહે જ હસ્તક્ષેપ કરવો".

ડિઝલ અને રાંધણ ગેસ સસ્તાં કરી તેમજ કર્મચારીઓની હડતાળ સમાપ્ત કરી પરિસ્થિતી કાબૂ માં ન આવી તો પ્રજાની હાલાકી ચરમસીમાએ પહોંચશે એમ પણ શ્રી રામ નાઈકે અખબારી યાદી ને અંતે કહ્યું છે.

**(કાર્યાલય સચિવ)**